**જે.ઝેડ.શાહ આટર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી**

**આંતરિક કસોટી–માર્ચ–૨૦૧૭**

**બી.કોમ.–સેમેસ્ટર– IV**

**વિષયઃ બેંકિંગ કાનૂન અનેવ્યવહાર પેપર–૩**

---

**તારીખઃ.૧૪–૦૩–૨૦૧૭** **સીટ નંબરઃ...........**

**સમયઃ ૮.૦૦ થી ૧૦.૦૦** **કુલ ગુણઃ–૫૦**

**સૂચના : (૧) પ્રશ્ન નં. ૧ ફરજિયાત છે.**
**(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.**

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. કાયદેસરની યોગ્ય ચુકવણી (યથાનુક્રમે ચુકવણી) એટલે શું ?
૨. નાણાં વસુલ કરનાર બેંકરની બેદરકારીના ઉદાહરણો આપો.
૩. બિલ ઓફ લેડિંગ એટલે શું ?
૪. કોર બેંકિંગનો અર્થ સ્પષ્ટ કરો.
૫. હાઈપોથિકેશનના જોખમો જણાવો.

૨. ગ્રાહકને ચેકનાં નાણાં ચૂકવતાં પહેલાં બેંકરે કયા મુદ્દાઓ તપાસવા જોઈએ ? (૧૨)

**<u>અથવા</u>**

૨. (અ) ભારતમાં નાણાં વસૂલ કરનાર બેંકરને મળતું કાનૂની રક્ષણ સમજાવો. (૦૬)

(બ) વસૂલાત કરનાર બેંકરની અવેજ આપ્યા બદલ ચેકના માલિક તરીકેની સ્થિતિની ચર્ચા કરો. (૦૬)

૩. ધિરાણના હેતુઓ જણાવી, સંગીન બેંક ધિરાણ માટેના સામાન્ય સિધ્ધાંતોની સમજાવો. (૧૨)

**<u>અથવા</u>**

૩. (અ) કોર–બેંકિંગના ફાયદાઓ સમજાવો. (૦૬)
(બ) કેશક્રેડિટ પધ્ધતિ ભારતમાં શા માટે લોકપ્રિય છે ? તેનાં મુખ્ય લક્ષણો જણાવો. (૦૬)

૪. (અ)ટૂંકનોંધ લખો. (ગમે તે **<u>એક</u>**) (૦૮)

૧. ચેક પર નિશાની કરવી.
૨. બિલ ઓફ લેડિંગના લક્ષણો
૩. ચેકનો અયોગ્ય નકાર

૪. (બ) બેંકર તરીકે તમે કેવી રીતે વર્તશો ? (૦૮)

(૧) તા.૦૧–૦૩–૨૦૧૭ ના રોજ ચુકવણી માટે રજૂ થયેલા ચેક પર તા.૦૧–૨–૨૦૧૭ લખેલી છે.
(૨) શ્રી આર. કે.પટેલની તરફેણમાં લખેલો એકાઉન્ટ પેઈ ક્રોસિગવાળો ચેક વસૂલાત માટે શ્રી જે. વી. મહેતાના ખાતામાં જમા કરવામાં આવે છે.

———×———

**જે.ઝેડ.શાહ આટર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી**

**આંતરિક કસોટી–માર્ચ–૨૦૧૭**

**બી.કોમ.–સેમેસ્ટર– IV**

**વિષયઃ વાણિજય સંચાલન–૪**

---

**તારીખઃ.૦૯–૦૩–૨૦૧૭** **સીટ નંબરઃ...........**

**સમયઃ ૮.૦૦ થી ૧૦.૦૦** **કુલ ગુણઃ–૫૦**

સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. સરકારી બજારમાં ખરીદી કોણ કરે છે ?

રે બજારક્રિયા મિશ્રણ એટલે શું ?

૩. બજાર વિભાજનની વ્યાખ્યા આપો.

૪. બજારક્રિયા અંકુશનો અર્થ જણાવો.

૫. બજારક્રિયા ધમકી એટલે શું ?

૨. બજારક્રિયાનો અર્થ જણાવી બજારક્રિયા સંચાલનનું કાર્યક્ષેત્ર જણાવો. (૧૩)

**<u>અથવા</u>**

૨. (અ) પેદાશ જીવનચક્રના તબકકાઓ જણાવો. (૦૭)

(બ) બજારક્રિયા પર્યાવરણને અસર કરતાં આંતરિક પરિબળો સમજાવો. (૦૬)

૩. બજાર સંશોધનનો અર્થ જણાવી તેની પ્રક્રિયા વર્ણવો. (૧૩)

**<u>અથવા</u>**

૩. (અ) કિંમત નિર્ધારણને અસર કરતાં પરિબળો જણાવો. (૦૭)

(બ) નવી પેદાશ વિકાસની જરૂરિયાત સમજાવો. (૦૬)

૪. (અ) ટૂંકનોંધ લખો. ( કોઈપણ **<u>એક</u>** ) (૦૬)

(૧) જાહેરાત અને પ્રસિદ્ધિ વચ્ચેનો તફાવત

(૨) બજારક્રિયા અંકુશનું મહત્વ

(બ)કેસ સ્ટડી (૦૮)

લવકુશ લિ.દેશમાં જુદી જુદી જગ્યાએ ત્રણ પ્લાન્ટ ચલાવે છે. ત્રણે પ્લાન્ટની પેદાશો નીચે મુજબ છે.

પ્લાન્ટ નં. (૧) સૌંદર્ય પ્રસાધનો જેવા કે ટેલકમ પાવડર, ફેઈસ પાવડર, લાલી,લીપસ્ટિક,ચાંલ્લા, હેરડાઈઝ, હેરઓઈલ વિગેરે.

(૨) વીજળીના બલ્બ, ટયૂબ, ટેબલ ફેન, સિલિંગ ફેન, એક્ઝોસ્ટ ફેન,એરકંડિશનર્સ,વૉટર કૂલર,ફ્રીઝ વિગેરે.

(૩) કપડાં ધોવાના સાબુ, નાહવાના સાબુ, માથું ધોવાના સાબુ, ડિટરજન્ટ પાવડર, ટાઈલ્સ, બેઝિન ધોવાનો પાવડર, ફિનાઈલ વિગેરે.

ત્રણેય પ્લાન્ટોમાં ઉત્પાદન મોટા પાયા પર થાય છે. અને સમગ્ર દેશમાં માર્કેટિંગ નેટવર્ક ઊભી કરવાનો કંપની ઈરાદો ધરાવે છે. માર્કેટિંગ પ્રયત્નોને અસરકારક બનાવવા માટે કંપની તેના ત્રણે પ્લાન્ટની પેદાશોની બજારોનું વિભાગીકરણ કરવા માંગે છે.

**<u>પ્રશ્નોઃ</u>**

૧. બજારોના વિવિધ પ્રકાર અનુસાર કંપનીની પેદાશોનું વર્ગીકરણ કરો.

૨. વિવિધ પેદાશોને ધ્યાનમાં રાખીને બજારવિભાજન કરવા માટેના આધારો સૂચવો.

––––––×––––––

**જે.ઝેડ.શાહ આટર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી**

**આંતરિક કસોટી–માર્ચ–૨૦૧૭**

**બી.કોમ.–સેમેસ્ટર– IV**

**વિષયઃ અર્થશાસ્ત્ર**

---

**તારીખઃ.૦૮–૦૩–૨૦૧૭** **સીટ નંબરઃ...........**

**સમયઃ ૮.૦૦ થી ૧૦.૦૦** **કુલ ગુણઃ–૫૦**

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૧૦)

૧. શ્રીમંત વર્ગની ઉપભોગવૃત્તિ ગરીબ વર્ગ કરતાં શા માટે નીચી હોય છે ?

ર ગતિવર્ધન એટલે શું ?

૩. ચલણનું અવમૂલ્યન એટલે શું ?

૪. વિનિમયનો સમતુલ દર એટલે શું ?

૫. કરવિવર્તન અને કરચોરી વચ્ચે શો તફાવત છે ?

૨. પ્રો. કેઈન્સનો અસરકારક માંગનો સિધ્ધાંત સવિસ્તર સમજાવો. (૧૩)

**<u>અથવા</u>**

૨. (અ) મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે શું ? તેને અસરકરતાં પરિબળો સમજાવો. (૦૭)

(બ) પ્રો. જે.બી.સે.નો બજાર નિયમ સમજાવો. (૦૬)

૩. સમખરીદ શકિત સિધ્ધાંતના સાપેક્ષ અને નિરપેક્ષ સ્વરૂપો સમજાવી તેની મર્યાદાઓ સ્પષ્ટ કરો. (૧૩)

**<u>અથવા</u>**

૩. (અ) વ્યાપારચક્ર એટલે શું ? તેના લક્ષણો સમજાવો. (૦૬)

(બ) કરસંપાતને અસર કરતાં પરિબળો સમજાવો. (૦૭)

૪. ટૂંકનોંધ લખો. ( ગમે તે <u>બે</u>) (૧૪)

(૧) વપરાશ વૃત્તિને અસર કરતાં પરિબળો.

(૨) લેણદેણની તુલાની પ્રતિકૂળતાના કારણો.

(૩) જાહેર ખર્ચની ઉત્પાદન પર અસર.

(૪) આંતરિક દેવાનો બોજો.

%%%%%%

## જે.ઝેડ.શાહ આટર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી

## આંતરિક કસોટી–માર્ચ–૨૦૧૭

## બી.કોમ.–સેમેસ્ટર–IV

## વિષય: ઉચ્ચતર નામા પધ્ધતિ–૪

**તારીખ:.૧૬–૦૩–૨૦૧૭** **સીટ નંબર:...........**

**સમય: ૮.૦૦ થી ૧૦.૦૦** **કુલ ગુણ:–૫૦**

સૂચના : જરૂરી ગણતરી તમારા જવાબના ભાગરૂપે દર્શાવવી.

૧. (અ) રૂ.૫૦,૦૦૦ના લેણદારો નવી કંપની લેતી નથી. પરંતુ જૂની કંપની તે રૂ.૪૫,૦૦૦માં ચૂકતે કરે છે. નવી કંપનીએ નહી લેધેલા રૂ.૮૦,૦૦૦ના યંત્રો વેચતાં રૂ.૬૦,૦૦૦ ઉપજયા. આની અસર પુર્નરચના ખાતામાં આપો. (૦૨)

(બ) નોંધણી પહેલાં અને પછીના સમયનું પ્રમાણ ૨ : ૫ હોય, નોંધણી પહેલાં સાત અને નોંધણી પછી નવ કર્મચારીઓ દર મહિને કામ કરતા હોય અને પગારનો ખર્ચ રૂ.૧૭,૭૦૦ હોય તો નોંધણી પહેલાં અને પછીના પગારની રકમ શોધો. (૦૨)

(ક) ડિરેકટરોએ તેઓની લોનના હિસાબની પતાવટ રૂપે ૭૦% રકમ ઈકિવટી શેરમાં, ૨૫% રોકડમાં અને બાકીની રકમ રૂ.૭,૫૦૦ જતી કરવાનું સ્વીકાર્યુ (૦૨)
મૂડી ઘટાડા સંદર્ભે આમનોંધ લખો.

(ડ) નીચેની વિગતો કંપનીના વાર્ષિક હિસાબોમાં કયા પરિશિષ્ટમાં દર્શાવાશે ? (૦૨)
(૧) અન્ય કંપનીના ખરીદેલ શેર પર નહિં મંગાવેલ હપ્તો
(૨) જાહેરાત ઉપલક ખાતું
(૩) નહિ મંગાવેલ ડિવિડન્ડ
(૪) ચાલુ કામ

(ઈ) અંક કંપનીના ૧૦%ના રૂ.૫,૦૦,૦૦૦ના કયુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ છેલ્લા બે વર્ષથી ચૂકવવાનું બાકી છે. મૂડી ઘટાડાની યોજનામાં રૂ. ૧૦૦ના બાકી ડિવિડન્ડ પેટે રૂ. ૨૦નો એક એવા ઈકિવટી શેર ચૂકતેના હિસાબે આપવા (૦૨)
મૂડી ઘટાડાના સંદર્ભમાં આમનોંધ લખો.

૨. તા.૩૧–૩–૨૦૧૬ના રોજનું દેવ કંપની લિ.નું પાકું સરવૈયું નીચે મુજબ છે : (૧૪)

પાકું સરવૈયું

| જવાબદારી | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૧૨%ના કયુમ્યુલેટિવ પ્રેફ.શેર, દરેક રૂ.૧૦૦નો પૂરા ભરાયેલા | ૨૦,૦૦,૦૦૦ | પાઘડી | ૧૬,૦૦,૦૦૦ |
| | | પ્લાન્ટ–મશીનરી | ૨૮,૦૦,૦૦૦ |
| ઈકિવટી શેર દરેક રૂ.૧૦ના પૂરા ભરાયેલ | ૬૦,૦૦,૦૦૦ | ફર્નિચર | ૮,૦૦,૦૦૦ |
| | | પેટ્ન્ટ | ૬,૦૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેંચર્સ | ૧૨,૦૦,૦૦૦ | સ્ટોક | ૧૯,૬૦,૦૦૦ |
| લેણદારો | ૮,૦૦,૦૦૦ | દેવાદારો | ૧૦,૨૦,૦૦૦ |
| પ્રેફ.ડિવિ. ૩ વર્ષનું ચૂકવવાનું બાકી છે. | | બેંક સિલક | ૨૦,૦૦૦ |
| | | પ્રાથમિક ખર્ચા | ૩૨,૦૦૦ |
| | | ડિબેંચર વટાવ | ૪૮,૦૦૦ |
| | | નફા–નુકશાન ખાતું | ૧૧,૨૦,૦૦૦ |
| | ૧,૦૦,૦૦,૦૦૦ | | ૧,૦૦,૦૦,૦૦૦ |

એવું નકકી કરવામાં આવ્યું કે નવી કંપની મહાદેવ લિ.ની સત્તાવાર થાપણ રૂ.૧,૩૦,૦૦,૦૦૦ દરેક રૂ.૧૦નો એવો એક ઈકિવટીશેરમાં વહેંચાયેલની સ્થાપના કરવી. એવું પણ નકકી કરવામાં આવ્યું કે,

(૧) જૂની કંપનીના એક ઈક્વિટીશેરના બદલામાં નવી કંપનીનો રૂ.૫ નો ભરપાઈ થયેલ એક શેર આપવો.
(૨) જૂની કંપનીના એક પ્રેફરન્સ શેરના બદલામાં નવી કંપનીના ૨૦ શેર રૂ. ૫ ભરાયેલ આપવા.
(૩) ચૂકવવાનું બાકી પ્રેફરન્સ શેર ડિવિડન્ડ રદ કરવું.
(૪) ડિબેંચર હોલ્ડર્સ નવી કંપનીના ૧,૨૦,૦૦૦ ઈક્વિટી શેર, પૂરા ભરપાઈ થયેલા મેળવશે.
(૫) નવી કંપની લેણદારો લઈ લેશે.
(૬) બાકીના બહાર નહીં પાડેલા શેર ડિરેક્ટરોએ લઈ લીધા અને તે ભરપાઈ થઈ ગયા.
(૭) નવી કંપની જૂની કંપનીની મિલકતો (સિવાય કે પેટન્ટ, પ્લાન્ટ – મશીનરી રૂ.૧૨,૦૦,૦૦૦ અને સ્ટોક રૂ.૨,૦૦,૦૦૦ માંડીવાળીને ) લઈ લેશે.
(૮) દેવ લિ.નો વિસર્જન ખર્ચ રૂ. ૪૦,૦૦૦ થયો.

મહાદેવ લિ.ના ચોપડે પાકું સરવૈયું તેમજ દેવ લિ.ના ચોપડે માલમિલકત નિકાલ ખાતું અને શેર હોલ્ડરોના ખાતા તૈયાર કરો.

**<u>અથવા</u>**

૨. (અ) નોંધણી પહેલાંના નફાનો અર્થ સમજાવી તે શોધવાની રીતો સમજાવો.. (૦૭)

(બ) બાહય પુનઃ રચનાનો અર્થ સમજાવી આંતરિક પુનઃ રચના અને બાહય પુનઃ રચના વચ્ચેનો તફાવત સમજાવો. (૦૭)

૩. ૧ લી ઓકટોબર – ૨૦૧૫ના રોજ ઉષાકાંત બ્રધર્સનો ચાલુ ધંધો ખરીદી લેવા માટે ધી ઉષાકાંત કંપની લિ.ની તા.૧લી ડિસેમ્બર ૨૦૧૫ના રોજ સ્થાપના કરવામાં આવી હતી. કંપનીના પ્રથમ હિસાબો તા.૩૧–૩–૨૦૧૬ સુધીના સમય માટે તૈયાર કરવામાં આવ્યા હતા. (૧૪)

નીચે આપેલી વિગતો પરથી નોંધણી પહેલાંનો અને પછીનો નફો–નુકશાન દર્શાવતું પત્રક તૈયાર કરો.

(૧) કુલ વેચાણ રૂ. ૫,૭૦,૦૦૦
(૨) વેચાણનું વલણ નીચે મુજબ હતું :

| માસ | પ્રમાણ | માસ | પ્રમાણ |
|---|---|---|---|
| ઓકટોબર – નવેમ્બર | ૨ : ૩ | જાન્યુઆરી – ફેબ્રુઆરી | ૩ : ૨ |
| નવેમ્બર – ડિસેમ્બર | ૨ : ૩ | ફેબ્રુઆરી – માર્ચ | ૩ : ૨ |
| ડિસેમ્બર – જાન્યુઆરી | ૨ : ૩ | | |

(૩) વેચેલ માલ પર કાચા નફાનો દર :
ઓકટોબર , નવેમ્બર અને ડિસેમ્બર ૩૦% , જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ૪૦% અને માર્ચમાં ૧૦% હતો.

(૪) નફા–નુકશાન ખાતામાં નીચેની વિગતો દર્શાવેલી હતી.

| | રૂ. |
|---|---|
| પગાર (સેલ્સ મેનેજરના પગારના રૂ. ૯,૫૦૦ સહિત) | ૪૮,૦૦૦ |
| વેચાણ પર કમિશન | ૧૯,૦૦૦ |
| રોકાણના વેચાણ પર બોટ (બધાં જ રોકાણો ૩૧મી ડિસેમ્બરના રોજ વેચી નાખવામાં આવ્યા હતા.) | ૧,૨૦૦ |
| રોકાણો પર વ્યાજ | ૨,૪૦૦ |
| ડિરેક્ટર ફી | ૧૮,૦૦૦ |
| સ્ટેશનરી અને છપામણી | ૩,૦૦૦ |
| જાહેરાત ખર્ચ (૫/૮ ભાગનો ખર્ચ વેચાણ આધારિત) | ૩૦,૪૦૦ |
| ઓફિસ ભાડું (પ્રથમ ચાર માસ દરમિયાન માસિક રૂ.૪૦૦ લેખે અને ત્યારબાદ માસિક રૂ.૫૦૦ લેખે) | ૨,૬૦૦ |
| ઘાલખાદ્ય પરત (નોંધણી પહેલાંના સમયના માંડીવાળેલ દેવાદારો અંગેની) | ૧,૦૦૦ |

૩. પ્રિતમ કંપની લિ.નું તા.૩૧–૩–૨૦૧૬ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૪)

પાકું સરવૈયું

| જવાબદારી | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ૨૦,૦૦૦ ઈક.શેર દરેક રૂા.૧૦૦નો પૂરા ભરપાઈ | ૨૦,૦૦,૦૦૦ | પાઘડી | ૨,૦૦,૦૦૦ |
| ૧૦%ના કયુ. પ્રેફ. શેર દરેક રૂા.૧૦નો પૂરા ભરપાઈ | ૮,૦૦,૦૦૦ | પેટ્ન્ટ | ૮૦,૦૦૦ |
| કારીગર અકસ્માત વળતર ફંડ | ૨,૦૦,૦૦૦ | સાંચા–યંત્રો | ૮,૦૦,૦૦૦ |
| ૧૨%ના ડિબેંચર્સ | ૮,૦૦,૦૦૦ | જમીન–મકાન | ૧૬,૦૦,૦૦૦ |
| ડિબેં.પરબાકી વ્યાજ | ૯૬,૦૦૦ | સ્ટોક | ૮,૦૦,૦૦૦ |
| લેણદારો | ૮,૦૦,૦૦૦ | દેવાદારો | ૨,૦૦,૦૦૦ |
| સંભવિત દેવું : | | રોકડ | ૨૦,૦૦૦ |
| (૧) પ્રેફ.શેરડિવિ. ૧,૬૦,૦૦૦ | | પ્રાથમિક ખર્ચા | ૨,૦૦,૦૦૦ |
| (૨) કારી.અક.વળતરદાવો <u>૬૦,૦૦૦</u> | | નફા–નુકશાન ખાતું | ૭,૯૬,૦૦૦ |
| <u>૨,૨૦,૦૦૦</u> | | | |
| | ૪૬,૯૬,૦૦૦ | | ૪૬,૯૬,૦૦૦ |

ટ્રિબ્યુનલે મંજૂર કરેલ મૂડી ઘટાડાની યોજના નીચે મુજબ હતી.

(૧) દરેક ઈકિવટી શેરનું રૂા.૧૦નો એક એવા પૂરા ભરપાઈ શેરમાં વિભાજન કરવું.
(૨) વિભાજન બાદ બંને પ્રકારના શેરો, શેર દીઠ રૂા. ૬ થી ઘટાડવા
(૩) દેવાદારો ૧૦% ઘાલખાધ્ય અનામતને તથા જમીન–મકાન અને સાંચા–યંત્રો ૧૦% ઘસારાને આધિન ગણવા.
(૪) ૫૦% સ્ટોક નુકશાની હોવાથી તેની ૭૦% કિંમતે ગણવામાં આવ્યો.
(૫) અદશ્ય મિલકતો માંડી વાળવી
(૬) કારીગર અકસ્માત વળતરનો દાવો રૂા.૪૦,૦૦૦માં ચૂકતે સ્વીકારી લેવામાં આવ્યો.
(૭) કંપનીની કાર્યશીલ મૂડીને પહોંચી વળવા ઈકિવટી શેર હોલ્ડરોએ એક શેરના બદલામાં એક શેર રોકડેથી લેવા કબૂલ્યું.
(૮) પ્રેફ.શેર હોલ્ડરોએ તેમના બાકી ડિવિડન્ડની ૫૦% રકમ પેટે ૮,૦૦૦ નવા ઈકિવટી શેર સ્વીકાર્યા. અને બાકીની રકમ રોકડમાં સ્વીકારી.

કંપનીના ચોપડે આમનોંધ લખી મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું બનાવો.

૪. ટૂંકનોંધ લખો. ( કોઈપણ **<u>ત્રણ</u>** ) (૧૨)

(૧) નોંધણી પહેલાના નફાનો ઉપયોગ
(૨) બાહય પુનઃ રચનાના હેતુઓ
(૩) મૂડી ઘટાડા અંગે કંપની ધારાની જોગવાઈ
(૪) સંભવિત જવાબદારીઓ
(૫) આંતરિક પુનઃ રચનાના કારણો

%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી–માર્ચ–૨૦૧૭

બી.કોમ. સેમેસ્ટર–૪

વિષય : આંકડાશાસ્ત્ર

તા. : ૧૪–૦૩–૨૦૧૭ બેઠક નં.......

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ ગુણ : ૫૦

૧. નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૧૦)

(૧) સમજાવો : પરિકલ્પના પરીક્ષણમાં થતી બે પ્રકારની ભૂલો.

(૨) સમષ્ટિનું વિચરણ 144 છે. 400 ના કદના નિદર્શનો મધ્યક 30 છે. તો સમષ્ટિ મધ્યકની 95% વિશ્વસનીય સીમાઓ શોધો.

(૩) કોઈ એક ચલની " 3 " ની આજુબાજુની પ્રથમ બે પ્રઘાતો 2,16 છે. મધ્યક અને વિચરણ શોધો.

(૪) એક નિદર્શન યોજના [40 , 4 , 1 ] P' = 15% માટે અતિગુણોત્તર વિતરણનો ઉપયોગ કરી સ્વીકૃતિની સંભાવના શોધો.

(૫) યોજના (500 50 1) માટે ખામીપ્રમાણ P' = 2 % હોય તો ATI શોધો.

૨. (અ) એક નિદર્શન યોજના [1000, n , c ] માટે ખામીપ્રમાણ P' = 1% ધરાવતા જથ્થાની અસ્વીકૃતિની સંભાવના 0.121 છે અને ATI = 226.48 છે. આ યોજના માટે OC વક્ર દોરો. (૦૬)

(બ) યોજના [2500, 50 , 100, 1 , 4 ] માટે ખામીપ્રમાણ P' = 3% ધરાવતા જથ્થા માટે ATI, ASN અને AOQ શોધો. (૦૮)

**<u>અથવા</u>**

૨. (અ) એક નિદર્શન યોજના [1000, n , c ] દ્વારા ખામીપ્રમાણ 3% સાથેના જથ્થાની સ્વીકૃતિની સંભાવના 0.647 અને ASN = 100 છે. તો આ યોજના માટે AOQ વક્ર દોરો. અને AOQL શોધો. (૦૬)

(બ) યોજના [1000, 40, 0, 60, 3] માટે ખામીપ્રમાણ P' = 3% હોય તો ASN, ATI અને AOQ શોધો. (૦૮)

૩.(અ) પશ્ચિમ ભારતના ૧૦૦૦ કામદારોના લીધેલ એક નિદર્શ લેતાં તેમનું સરેરાશ વેતન રૂા.૫૦૦ અને પ્રમાણિત વિચલન રૂા.૨૮ દર અઠવાડિયે જણાયું. દક્ષિણ ભારતના ૧૫૦૦ કામદારોના લીધેલ બીજા નિદર્શમાં દર અઠવાડિયે સરેરાશ વેતન રૂા.૫૧૦ અને પ્રમાણિત વિચલન રૂા. ૪૦ જણાયું. બંને નિદર્શના સરેરાશ વેતન વચ્ચેના તફાવતનું સાર્થકતા પરીક્ષણ કરો. (૦૪)

(બ) એક ફેકટરીમાંથી લીધેલ ૫૦૦ એકમોના એક નિદર્શમાંથી ૧૨ એકમો ખામીવાળા જણાયા. બીજી ફેકટરીમાંથીનું લીધેલ ૮૦૦ એકમોના એક બીજા નિદર્શમાં ૧૨ એકમો ખામીવાળા જણાયા. બીજી ફેકટરીનું ઉત્પાદન પહેલી ફેકટરી કરતાં ચડિયાતું છે કે કેમ તેનું ૫%ની સાર્થકતાની કક્ષાએ પરીક્ષણ કરો (૦૫)

(ક) નીચેના આવૃત્તિ વિતરણ માટે પ્રથમ ચાર કેન્દ્રિય પ્રઘાતો શોધો. (૦૫)

| xi | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|---|
| fi | 1 | 3 | 7 | 20 | 12 | 4 | 3 |

**<u>અથવા</u>**

૩. (અ) કેરીઓના બે સમૂહ માટે નીચેની માહિતી મળી છે. ૧ %ની સાર્થકતાની કક્ષાએ બંનેના ઉત્પાદનમાં ચલન વચ્ચેના તફાવતનું સાર્થકતા પરીક્ષણ કરો. (૦૫)

| સમૂહ | 1 | 2 |
|---|---|---|
| પ્લોટની સંખ્યા | 100 | 90 |
| સરેરાશ ઉપજ | 1800 Kg. | 2000Kg. |
| પ્ર.વિ. | 40Kg. | 50Kg. |

૩. (બ) રમેશ ૧૦ પાસાઓ ૫૦૦ વખત ઉછાળે છે. પાસા પર ૪ , ૫ અને ૬ આવે તેને સફળતા ગણીએ તો આવી સફળતા તેને ૨૭૪૫ વખત મળે છે. તો સફળતાની સંખ્યાની અવલોકિત આવૃત્તિ અને અપેક્ષિત આવૃત્તિ વચ્ચેના તફાવતનું સાર્થકતા પરીક્ષણ કરો. (૦૪)

(ક) અવલોકતો ૧૨, ૧૮, ૨૪, ૩૦ અને ૩૬ માટે મધ્યકની આજુબાજુ પ્રઘાતો શોધો તેમજ $\beta_1$ અને $\beta_2$ શોધો અને વક્રનો આકાર જણાવો. (૦૫)

૪. નીચેના પ્રશ્નોના જવાબ આપો. ( ગમે તે **ત્રણ**) (૧૨)

(૧) આવૃત્તિ વિતરણના અભ્યાસમાં વિષમતા અને ઘંટાકારકતાનું મહત્વ સમજાવો.

(૨) બે નિદર્શ પ્રમાણો વચ્ચેના તફાવતનું સાર્થકતા પરીક્ષણ સમજાવો.

(૩) બે નિદર્શ મધ્યકો વચ્ચેના તફાવતનું સાર્થકતા પરીક્ષણ સમજાવો.

(૪) O.C. વક્ર વિશે વિસ્તારથી નોંધ લખો.

(૫) સમજાવો. (૧) ATI અને (૨) AOQ

%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.
આંતરિક મૂલ્યાંકન કસોટી–૨૦૧૭
બી.કોમ. સેમેસ્ટર–૪
વિષય : નામા પધ્ધતિ અને કરવેરા

તા. : ૧૧–૦૩–૨૦૧૭ બેઠક નં.......
સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ ગુણ : ૫૦

૧.(અ) અંદાજિત સરેરાશ નફાના ૪૪% લેખે અધિક નફો રૂ.૫૨,૮૦૦ છે અને અપેક્ષિત વળતરનો દર ૧૨% છે. (૦૨)
અંદાજિત નફાના મૂડીકરણની પધ્ધતિએ પાઘડી શોધો.

(બ) (૧) પ્રમાણિત ભાડું રૂ. ૧,૫૦,૦૦૦
(૨) મળેલ ભાડું માસિક રૂ. ૧૫,૦૦૦
(૩) મકાન બાંધવા માટે લીધેલી લોન પર પાછલા વર્ષનું કુલ વ્યાજ રૂ.૨૫,૦૦૦ જે પૈકી રૂ.૨૧,૦૦૦ (૦૩)
ચૂકવ્યું છે.
આ લોન પરત કરવા માટે નવી લોન લીધી હતી. તેના પર વ્યાજ રૂ.૫,૦૦૦ છે. ચૂકવેલ મ્યુનિ. વેરો ૧૦% છે. જે પૈકી ૪૦% રકમ ભાડુઆતે ભરી છે. ચૂકવવાના બાકી વ્યાજ પરનું વ્યાજ રૂ. ૪૫૦ છે.

(ક) શ્રી ગામિત દિલ્હીમાં સ્થિત કંપનીના કર્મચારી છે. તેને દર મહિને રૂ.૧૨,૫૦૦નો પગાર મળે છે. આ ઉપરાંત (૦૩)
તેને નીચેના બે વિકલ્પો આપવામાં આવ્યા છે :
(૧) માસિક રૂ.૯૯૦૦ લેખે માસિક ઘરભાડા ભથ્થું સ્વીકારવું અથવા
(૨) ભાડા વગરનું રહેઠાણનું મકાન કે જેની માસિક વાજબી ભાડાની કિંમત રૂ. ૯૯૦૦ છે.
જો તેઓ ઘરભાડા ભથ્થાનો વિકલ્પ સ્વીકારે તો તેણે રૂ.૯૯૦૦ લેખે માસિક ભાડું ચૂકવવું પડશે.
ઉપરોક્ત બે વિકલ્પો પૈકી શ્રી ગામિતે કયો વિકલ્પ સ્વીકારવો જોઈએ. તે જણાવો.

(ડ) શ્રી યોગેશે ૨૦૧૫–૧૬ના પાછલા વર્ષ માટે નીચેના રોકાણો કરેલાં છે. (૦૨)

| | |
|---|---|
| (૧) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં ભર્યા ........................................ | ૨૨,૦૦૦ |
| (૨) S.B.I. હાઉસિંગ લોનમાં ભર્યા (જેમાં રૂ.૧૫,૦૦૦ વ્યાજના સમાયેલા છે.... | ૫૨,૦૦૦ |
| (૩) તેમના બાળકોની શિક્ષણની ટ્યૂશન ફીના ભર્યા .......................... | ૩૩,૦૦૦ |
| (૪) કાયદેસરના પ્રોવિડન્ટ ફંડમાં ભર્યા ..................................... | ૭૮,૦૦૦ |

આ.વ. ૨૦૧૬–૧૭માં કલમ ૮૦ C હેઠળ મજરે મળવાપાત્ર રકમ ગણો.

૨. નીધિ લિ.ના ધંધાને લગતી માહિતની નીચે પ્રમાણે છે : (૧૪)
(૧) સરેરાશ રોકાયેલી મૂડી રૂ. ૪,૦૦,૦૦૦
(૨) છેલ્લા ચાર વર્ષનો નફો નીચે મુજબ હતો. :
૨૦૧૬નો નફો = ૨૦૧૫ નફો + ૨૫% = ૮૦,૦૦૦
૨૦૧૫નો નફો = ૨૦૧૪ નફો + ૬૦ %
૨૦૧૪નો નફો = ૨૦૧૩ નફો + ૨૫%
(૩) નફો તપાસતાં નીચેની માહિતી મળી છે :
(અ) સંચાલન ખર્ચ, વાર્ષિક રૂ.૪,૦૦૦ની નોંધ થઈ હતી.
(બ) ૨૦૧૩માં યંત્રો વેચતાં થયેલ નફો રૂ.૨,૮૦૦ હતો.
(ક) ૨૦૧૪માં આખર સ્ટોકની કિંમત રૂ.૨,૦૦૦ વધુ આંકવામાં આવી હતી.
(ડ) તા.૧–૧–'૧૫ના રોજ રૂ.૨૦,૦૦૦ના ૧૦%ના ડિબેંચર , ૫%ના વટાવે બહાર પાડયા હતા. જે પાંચ વર્ષના અંતે પરત કરવાના હતા. ડિબેંચર વટાવની પૂરેપૂરી રકમ નફા–નુકશાન ખાતે ઉધારી હતી.
(ઈ) તા.૧–૭–'૧૬ના રોજ કમ્પ્યુટર ગોઠવવાની ચૂકવેલી મજૂરીના રૂ.૪,૦૦૦ મહેસૂલી ખર્ચ ખાતે ઉધાર્યા હતા,જે ખરેખર મૂડી ખર્ચ ગણવાનો છે. યંત્રો પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણવામાં આવે છે.
(૪) આ પ્રકારનો ધંધો કરતી કંપનીનો સામાન્ય ડિવિડન્ડનો દર ૩૬% છે. અને તેના રૂ.૧૦ના ઈક્વિટી શેરની બજાર કિંમત રૂ. ૩૦ છે.
અધિક નફાની પાંચ વર્ષની ખરીદી જેટલી પાઘડીની કિંમત શોધો. સરેરાશ નફો ગણતાં નફાનું વલણ ગણતરીમાં લેવાનું છે.

**અથવા**

૨. શ્રી રાજુભાઈની માલિકીના મકાનોની વિગતો નીચે પ્રમાણે છે. (૧૪)

| વિગત | મકાન–"લાભ" રૂા. | મકાન – "શુભ" રૂા. | મકાન–"અમૃત" રૂા. |
|---|---|---|---|
| (૧) મ્યુનિસિપલ આકારણી મૂલ્ય | ૮૦,૦૦૦ | ૭૫,૦૦૦ | ૩૦,૦૦૦ |
| (૨) વ્યાજબી ભાડું – વાર્ષિક | ૯૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૩૬,૦૦૦ |
| (૩) સ્ટાન્ડર્ડ ભાડું | –– | ૧,૧૦,૦૦૦ | –– |
| (૪) મ્યુનિ. કરવેરા (બાકી) | ૨૦ ટકા | ૨૦ ટકા | ૨૦ ટકા |
| (૫) ભાડુઆતની સગવડ માટે ચૂકવેલ ખર્ચ | –– | ૩,૦૦૦ | –– |
| (૬) સમારકામ ખર્ચ | ૪,૦૦૦ | ૫,૦૦૦ | ૩,૦૦૦ |
| (૭) વીમા પ્રિમિયમ (ચૂકવેલ) | ૨,૫૦૦ | ૨,૦૦૦ | ૧,૫૦૦ |
| (૮) મકાન બાંધકામ માટેની લોનનું વ્યાજ (ચાલુ પાછલા વર્ષનું | ૫૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૯) બાંધકામ સમય દરમિયાનના કુલ વ્યાજનો ૧/૫ ભાગ | –– | ૧૫,૦૦૦ | ૫,૧૫૦ |
| (૧૦) બાંધકામ પૂર્ણ થયાનું વર્ષ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ |
| (૧૧) મકાનનો ઉપયોગ | સ્વ.રહેઠાણ | રહેઠાણમાટે ભાડે | સ્વ.રહેઠાણ |

અન્ય માહિતી :

(૧) મકાન **"શુભ"** (જેમાં રહેઠાણના અલગ અલગ બે યુનિટ છે. અને ક્ષેત્રફળ ૩ઃ૨ ના પ્રમાણમાં છે. બે ભાડુઆતોને ભાડે આપેલું હતું. **યુનિટ–૧**નું માસિક ભાડું રૂા.૪,૫૦૦ અને **યુનિટ –૨**નું માસિક ભાડું ૩,૦૦૦ (આ યુનિટના ભાડૂઆતની સગવડના ખર્ચ સહિત) હતું.

(૨) યુનિટ –૧નો ભાડુઆત બે મહિનાનું ભાડું બાકી રાખીને તા.૩૧–૧–૨૦૧૬ના રોજ મકાન ખાલી કરીને જતો રહયો હતો.(આ ભાડૂઆત નાદાર જાહેર થયેલ છે.) ત્યાર બાદ તા.૩૧–૩–૧૬ સુધી આ યુનિટ ખાલી રહયું હતું

(૩) યુનિટ –૨ના ભાડુઆતે તા.૧–૩–૨૦૧૬ના રોજ મકાન ખાલી કર્યુ હતું ત્યાર બાદ તા.૩૧–૩–૧૬ સુધી આ યુનિટ ખાલી રહયું હતું

આકારણી વર્ષ ૨૦૧૬–૧૭ માટે મકાન – મિલકતોના શીર્ષક હેઠળની કરપાત્ર આવકની ગણતરી કરો.

૩. આકારણી વર્ષ ૨૦૧૬–૧૭ના સંબંધિત પાછલા વર્ષ માટે નીચેની માહિતી ધ્યાનમાં લઈ વિશિષ્ટ કર્મચારી શ્રીમતી હનીની કરપાત્ર પગારની આવકની ગણતરી કરો. **(૧૪)**

(૧) મૂળ પગાર તેઓ ૧–૭–૨૦૧૧ના રોજ રૂા.૧૦,૦૦૦–૧,૦૦૦–૧૩,૦૦૦–૨,૫૦૦–૨૮,૦૦૦ના ગ્રેડમાં નોકરીમાં જોડાયા છે. અને તેમને દર વર્ષે ૧લી જુલાઈએ ઈજાફો મળે છે.

(૨) મોંઘવારી ભથ્થું રૂા.૮૫,૨૦૦

(૩) બોનશ અને કમિશન વાર્ષિક રૂા. ૧૬,૦૦૦

(૪) મનોરંજન ભથ્થું માસિક રૂા.૧,૦૦૦

(૫) શિક્ષણ ભથ્થું (તેમને એક જ બાળક છે.) રૂા. ૬૦૦ માસિક

(૬) માલિકે તેમને રહેઠાણ માટે જે ફલેટ આપેલ છે. તેનું કંપનીએ ચૂકવેલ માસિક ભાડું રૂા. ૮,૦૦૦ છે. માલિકે આ ફલેટની સજાવટ (ફર્નિચર વગેરે) અંગે રૂા.૨,૯૨,૦૦૦ ખર્ચેલ છે.

(૭) માલિકે ૧.૮ કયૂબિક કેપેસિટીની ક્ષમતાના એન્જિનની મોટરકાર(ડ્રાઈવરની સગવડ વિના) આપેલ છે.આ ગાડીનો ઉપયોગ આંશતઃ ધંધા માટે અને અંશતઃ ખાનગી હેતુઓ માટે થાય છે. આ અંગેના બધા જ ખર્ચ કર્મચારી ભોગવે છે.

(૮) માલિક દ્વારા મૂળ પગારના ૧૪% પ્રમાણે તેમના માન્ય પ્રોવિડન્ડ ફંડમાં ફાળો આપે છે.

(૯) તેમના પ્રો.ફંડ ખાતામાં ૯.૫%ના દરે રૂા.૧૦,૪૫૦ વ્યાજ જમા થયેલ છે.

(૧૦) તેમના પગારમાંથી નીચેની કપાનો કરવામાં આવેલ છે :

(અ) પ્રો.ફંડમાં કર્મચારીનો ફાળો મૂળ પગારના ૧૪%

(બ) વ્યવસાયવેરો રૂા. ૨,૪૦૦ વાર્ષિક

(ક) મકાનની સગવડ અંગેની વસૂલાત (મૂળ પગારના ૧૦%)

(ડ) વર્ષ દરમિયાન વધારે ચૂકવાયેલા કમિશનની વસૂલાત રૂા.૨,૦૦૦

**અથવા**

૩. (અ) પાઘડીને અસર કરતાં પરિબળો વિશે વિસ્તૃત ચર્ચા કરો. (૦૭)

(બ) કરમુકત સવલતો વિશે સમજાવો. (૦૭)

૪. ટૂંકનોધ લખો. ( ગમે તે ત્રણ ) (૧૨)

(૧) કરવેરા આયોજનના હેતુઓ

(૨) ઘરભાડા ભથ્થું

(૩) સજાવટવાળું મકાન

(૪) શેરના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો

(૫) ગ્રોસ વાર્ષિક મૂલ્ય

%%%%%%%

**જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી**

**આંતરિક કસોટી–માર્ચ–૨૦૧૭**

**બી.કોમ.–સેમેસ્ટર–IV**

**વિષય: ઉચ્ચતર નામા પધ્ધતિ–૩**

**તારીખ:.૧૫–૦૩–૨૦૧૭** **સીટ નંબર:...........**

**સમય: ૮.૦૦ થી ૧૦.૦૦** **કુલ ગુણ:–૫૦**

સૂચના : (૧) પ્રશ્ન નં. ૧ ફરજિયાત છે.

(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

(૩) તમામ જરૂરી ગણતરી જવાબના ભાગરૂપે દર્શાવો.

૧. (અ) રૂા.૫,૦૦,૦૦૦ના કરાર પૈકી ૮૦% કામ પૂરું થયેલ છે તે બદલ રૂા.૩,૫૦,૦૦૦નું પ્રમાણપત્ર મળ્યું છે. કરેલ કામનો કુલ ખર્ચ રૂા. ૨,૮૦,૦૦૦ થયો હોય તો બિનપ્રમાણિત કામની રકમ તથા બિનપ્રમાણિત કામની પડતર કિંમત શોધો. (૦૨)

(બ) એક જોબની કિંમત રૂા.૧૨૦૦ નકકી કરવામાં આવી છે, જે પડતર પર ૨૦% નફા સહિત છે. વહીવટી ખર્ચ ઉત્પાદન પડતરના ૧૦% છે. જયારે કારખાના ખર્ચ પ્રાથમિક પડતરથી અર્ધા છે. પ્રાથમિક પડતર શોધો. (૦૨)

(ક) ક્રિષ્ના ટ્રાંન્સપોર્ટ કંપનીની બસ માટે નીચેની માહિતી પરથી પેસેન્જર કિલોકીટરદીઠ પડતર શોધો. (૦૨)

| | | | | | |
|---|---|---|---|---|---|
| કિલોમીટર | ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ |
| પેસેન્જર | ૪૦૦૦ | ૪૦૦૦ | ૪૦૦૦ | ૪૦૦૦ | ૪૦૦૦ |

કુલ ખર્ચ રૂા. ૩,૦૦,૦૦૦ છે.

(ડ) એક પ્રક્રિયામાં ૬૮૮૦૦ રૂા.ની કિંમતે ૪૦૦૦ એકમો દાખલ કરવામાં આવ્યા હતા. સામાન્ય બગાડ ૧૦% છે. દરેક એકમની ભંગાર કિંમત ૧૦ રૂા. છે. ખરેખર ઉત્પાદન ૩૬૪૦ એકમો હોય તો અસામાન્ય વધારાની કિંમત કેટલી હશે ? (૦૨)

(ઈ) નીચેની માહિતીના આધારે મજૂરી દર વિચલન શોધો. (૦૨)

| પ્રકાર | પ્રમાણ | ખરેખર |
|---|---|---|
| કુશળ | ૨૦૦ કલાક   કલાક દીઠ ૨૦રૂા. | ૨૧૦ કલાક   કલાક દીઠ ૨૨ રૂા. |
| અર્ધ કુશળ | ૨૦૦ કલાક   કલાક દીઠ ૧૫રૂા. | ૧૯૦ કલાક   કલાક દીઠ ૧૪ રૂા. |

૨. રાધા ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપનીએ તા.૧–૪–૨૦૧૬ના રોજ રૂા.૨૧,૦૦,૦૦૦ની કિંમતે કરાર લીધો. તા. ૩૧–૧૨–૨૦૧૨ના રોજ પૂરા થતા વર્ષ અંગે કરારની માહિતી નીચે મુજબ છે. (૧૪)

| | |
|---|---|
| કરારની જગ્યા પર મોકલેલ માલ | રૂા. ૨,૫૮,૧૦૦ |
| મજૂરી | રૂા. ૫,૬૦,૫૦૦ |
| ફોરમેનનો પગાર | રૂા. ૮૦,૩૦૦ |
| મોકલેલ પ્લાન્ટ યંત્રો | રૂા. ૨,૬૦,૦૦૦ |
| વહીવટી પરોક્ષ ખર્ચા | રૂા. ૧,૧૨,૦૦૦ |

**વધારાની માહિતી :**

(૧) સુપરવાઈઝરનો માસિક પગાર રૂા. ૪૦૦૦ છે. જે પોતાનો ૩/૪ સમય આ કરાર પર આપે છે.

(૨) કરાર પર મોકલેલ પ્લાન્ટ–યંત્રો ૧૪૬ દિવસ ઉપયોગમાં લેવાયાં હતા.

(૩) પ્લાન્ટ–મશીનરીનું અંદાજિત આયુષ્ય ૭ વર્ષ છે. તેની ભંગાર કિંમત રૂા.૧૫૦૦૦ અંદાજવામાં આવી છે.

(૪) જગ્યા પર વર્ષના અંતે માલ સ્ટોક રૂા.૨૫૪૦૦ છે.

(૫) કરાર પર વર્ષના અંતે ૨/૩ ભાગનું કામ પૂરું થયું હતું

(૬) કરાર કિંમતના ૫૦% કામ અંગે પ્રમાણપત્ર મળ્યું હતું.

(૭) કરાર આપનાર પાસેથી રૂા. ૮,૪૦,૦૦૦ રોકડ મળી છે.

(૮) રૂા.૪૫૦૦નો કેટલોક માલ બિનઉપયોગી જણાતાં રૂા. ૪૦૦૦માં વેચી દીધો હતો.

કરાર ખાતું બનાવો.

/..૨../

૨. (અ) નીચેની માહિતી કારખાના પડતરના હિસાબોમાંથી લેવામાં આવી છે. (૦૭)

માલસામાન ૨૫૦૦૦ રૂ.

**મજૂરી** :

વિભાગ A ૬૦ કલાક , કલાક દીઠ ૨૦ રૂ.

વિભાગ B ૫૦ કલાક , કલાક દીઠ ૪૦ રૂ.

વિભાગ C ૪૦ કલાક , કલાક દીઠ ૬૦ રૂ.

વિભાગ D ૩૦ કલાક , કલાક દીઠ ૮૦ રૂ.

**ચલિત શિરોપરી ખર્ચ** :

વિભાગ A ૧,૦૦,૦૦૦ રૂ. ૧૦૦૦૦ કામદાર કલાકો માટે

વિભાગ B ૮૦,૦૦૦ રૂ. ૮૦૦૦ કામદાર કલાકો માટે

વિભાગ C ૬૦,૦૦૦ રૂ. ૬૦૦૦ કામદાર કલાકો માટે

વિભાગ D ૫૦,૦૦૦ રૂ. ૫૦૦૦ કામદાર કલાકો માટે

**સ્થિર ખર્ચ :**

૫૦૦૦ સામાન્ય કામના કલાકો માટે અંદાજે ૨,૦૦,૦૦૦ રૂ.

જોબની કુલ પડતર નક્કી કરો.

(બ) નીચેની માહિતી પરથી માલસામાન ખર્ચ વિચલન , માલસામાન ભાવ વિચલન અને માલસામાન વપરાશ વિચલન ગણો. (૦૭)

| કાચોમાલ | પ્રમાણ | | ખરેખર | |
|---|---|---|---|---|
| | જથ્થો કિલો | કિંમત રૂ. | જથ્થો કિલો | કિંમત રૂ. |
| અ | ૧૫૦ | ૧૪ | ૧૭૦ | ૧૨ |
| બ | ૨૦૦ | ૧૬ | ૧૮૦ | ૧૮ |
| | ――――― | | ――――― | |
| | ૩૫૦ | | ૩૫૦ | |

૩. રોનક લિમિટેડની એક વસ્તુનું ઉત્પાદન ત્રણ પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે અને ત્યારબાદ તેને તૈયાર માલના સ્ટોક ખાતે લઈ જવામાં આવે છે. તા. ૩૧–૧૨–૨૦૧૬ના રોજ પૂરા થતા એક માસ દરમિયાન પ્રક્રિયા–૧માં ૪૦૦૦ એકમો , એકમદીઠ રૂ. ૬ના ભાવે દાખલ કરવામાં આવ્યા હતા. (૧૪)

અન્ય માહિતી નીચે મુજબ છે.

| વિગત | પ્રક્રિયા –૧ | પ્રક્રિયા –૨ | પ્રક્રિયા –૩ |
|---|---|---|---|
| પરચુરણ માલસામગ્રી | રૂ. ૨૦૮૦૦ | રૂ. ૧૫૮૪૦ | રૂ. ૨૭૧૨૦ |
| પ્રત્યક્ષ મજૂરી | રૂ. ૧૮૦૦૦ | રૂ. ૨૮૦૦૦ | રૂ. ૪૦૦૦૦ |
| ઉત્પાદનના પરોક્ષ ખર્ચા | રૂ. ૧૪૦૦૦ | રૂ. ૨૦૦૦૦ | રૂ. ૩૨૦૦૦ |
| ખરેખર ઉત્પાદન (એકમોમાં) | ૩૮૦૦ | ૩૩૬૦ | ૩૦૦૦ |
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમોના ટકા) | ૫% | ૧૦% | ૧૫% |
| બગાડની એકમદીઠ વેચાણકિંમત | રૂ. ૪ | રૂ. ૮ | રૂ. ૧૦ |

ઉપરની માહિતી પરથી પ્રક્રિયાઓનાં ખાતાં તૈયાર કરો અને દરેક પ્રક્રિયાની એકમદીઠ પડતર કિંમત શોધો. તેમજ અસામાન્ય બગાડ કે અસામાન્ય વધારાના ખાતાં તૈયાર કરો.

/..૩../

**અથવા**

૩. મમતા ટ્રાવેલ્સની એક બસ સુરત થી રાજકોટ વચ્ચે મહિનામાં ૨૦ દિવસ દોડે છે. તે એક દિવસ રાજકોટ જાય છે. (૧૪)

અને બીજા દિવસે સુરત પરત આવે છે. અને બીજા દિવસે સુરત પરત આવે છે. સુરત અને રાજકોટ વચ્ચે ૪૫૦ કિલોમીટરનું અંતર છે. મહિનાના બાકીના દિવસ બસ દરરોજ ૧૨ સ્થાનિક રાઉન્ડ ટ્રીપ કરે છે. દરેક ટ્રીપ ૫ કિલોમીટરની છે. રાજકોટ જતાં ૮૦% ક્ષમતાએ જયારે સુરત પરત આવતાં પૂર્ણ ક્ષમતાએ પેસેન્જરો મળી રહે છે. બસની બેઠક ક્ષમતા ૫૦ પેસેન્જરોની છે. સ્થાનિક રાઉન્ડ ટ્રીપમાં નવેમ્બર , ૨૦૧૬ દરમિયાન નીચે મુજબ પેસેન્જરો મળ્યા હતા.

| કિલોમીટર | પેસેન્જર્સ |
|---|---|
| ૧ | ૨૪૦૦ |
| ૨ | ૨૦૦૦ |
| ૩ | ૨૨૦૦ |
| ૪ | ૨૫૦૦ |
| ૫ | ૨૪૦૦ |

બસ મહિનામાં ૫ દિવસ રિપેરિંગમાં હોય છે.

વધારાની માહિતી :

(૧) બસની કિંમત રૂા. ૧૫,૦૦,૦૦૦
બસનું આયુષ્ય ૧૨,૦૦,૦૦૦ કિલોમીટર

(૨) ડીઝલ – ઓઈલ ખર્ચ પ્રત્યેક કિલોમીટરે રૂા. ૩.૮૦

(૩) મરામત – નિભાવ ખર્ચ ઘસારાના ૬૦%

(૪) ટાયર ટયુબ બદલવાનો વાર્ષિક ખર્ચ રૂા. ૩૯૧૨૦

(૫) આ માસનો કુલ સ્થિર ખર્ચ રૂા. ૪૮૪૦૦

મમતા ટ્રાવેલ્સ જો ઉપજના ૪૦% નફો મેળવવા માગે અને સર્વિસ ટેક્ષ ચોખ્ખી ઉપજના ૧૦% હોય તો પેસેન્જર કિલોમીટર દીઠ પડતર અને રાજકોટ જનાર દરેક પેસેન્જર પાસેથી લેવાના ભાડાની ગણતરી કરો.

૪. ટૂંકનોંધ લખો. ( ગમે તે **ત્રણ**) (૧૨)

(૧) પ્રમાણ પડતર પધ્ધતિના ફાયદા
(૨) અધૂરા કરારનો નફો
(૩) સેવા પડતર પધ્ધતિ
(૪) પ્રક્રિયાનો બગાડ
(૫) કરારમાં સ્વયં ભાવવર્ધક કલમ

%%%%%%%%%

**J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli– Surat**

Internal Test – March - 2017

**S.Y.B.Com. Sem – IV(Guj. Med.)**

Foundation Course in English : Language Through Literature

**Date :10/03/2017** **Roll No. :**

**Time : 8.00 To 10.00** **Total Marks : 50**

**Instruction : Figures to the right indicate full marks.**
**Indicate your options clearly.**

1. **Answer in brief : (<u>Any five</u>)** **(10)**

   a. Describe the first meeting of the narrator with Arun?
   b. What kind of a man was Datta?
   c. Describe Datta's shop in your own words.
   d. Describe the Bashkirs? How did they treat Pahom?
   e. What does the author have to say about gossip?
   f. Who is the poet of the poem "The Felling of the Banyan Tree"?When was this poem written?
   g. What is the meaning of the line 'don't look too good, nor talk too wise'?

2. **a.** Justify the title of the story "The Thief". **(13)**

   **<u>OR</u>**

   **b.** Summarize the detail J.C. Hill's views on good manner. **(13)**

3. **a.** Describe Bashkirs: What kind of people were they? Bring out the character of the chief of the Bashkirs. **(13)**

   **<u>OR</u>**

   **b.** Critically appreciate the poem "If". **(13)**

4. **a.** Summaries the given passage and also give a suitable title. **(07)**

We all know what we mean by a 'good' man. The ideally good person does not drink or smoke, avoids bad language, converses in the presence of men only exactly as he would if there were ladies present, attends church regularly and holds the correct opinion on all subjects. He has a wholesome horror of wrong-doing and realizes that it is our painful duty to castigate sin. He has a still greater horror of wrong thinking, and considers it the business of the authorities to safeguard the young against those who question the wisdom of the views generally accepted by middle-aged successful citizens. Apart from his professional duties, at which he is assiduous, he spends much time in good works: he may encourage patriotism and military training; he may promote industry, sobriety and virtue among wage earners and their children by seeing to it that failures in these respects receive due punishment; he may be a trustee of a university and prevent an ill-judged respect for learning from allowing the employment of professors with subversive ideas. Above all, of course, his 'morals' in the narrow sense must be irreproachable. – Bertrand Russell

**<u>OR</u>**

**a.** Narrate the different types of activity you do in your every day time-table. **(07)**

**b. Do as Directed. (<u>Any 07</u>)** **(07)**

i) My friend Deepak __________ [to cook] food for us.(correct form of the verb)

ii) Give Antonyms of :Hard working, Elderly

iii) Give Synonyms of :Comfortable, Difficult

iv) Make the adjective forms :Bore, Noise

v) Make the noun forms : Important, Strong

vi) In Norse Mythology, the tree Yggdrasil provides a link_______ heaven, earth and the underworld. (between/within/among)

vii) In ancient times, trees were regarded as sacred __________ Eurasia. (beyond / throughout / among)

viii) Give one word for : being unsure of something.

**======= Best of Luck =======**